સત્યમેવ જયતે

GJJM100001922026

દાખલ તારીખ : ૧૫–૦૧–૨૦૨૬
નોંધણી તારીખ : ૧૫–૦૧–૨૦૨૬
ફેસલ તારીખ : ૧૬–૦૩–૨૦૨૬
સમયગાળો : વર્ષ – માસ– દિવસ
૦૦ – ૦૨ – ૦૧

**માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. ધ્રોલ.**

આંક :– ......

ફરિયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુદ્ધ**

આરોપી :– જીલુબેન વા/ઓફ નાનજીભાઈ વાઘેલા
ઉ.વ.૪૫, ધંધો.મજુરી,
રહે.દેવીપુજકવાસ,લતીપર રોડ, ધ્રોલ,
તા.ધ્રોલ, જી.જામનગર.

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ.

..................................................................

ફરીયાદી તર્ફે :– વિદ્વાન એ.પી.પી .શ્રી. આર. એસ. રામાણી
આરોપી તર્ફે :– વિદ્વાન વકીલશ્રી કે.જી.ચાવડા

..................................................................

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ધ્રોલ.

## –: <u>જજમેન્ટ</u> :–

1. **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :–**

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ:૨૫/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૧૫ વાગ્યે ધ્રોલ લતીપર રોડ, દેવીપુજકવાસ પાસે, જાહેર રોડ પર, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર મુકામે આરોપીએ પોતાના કબજામાં દેશી પીવાનો દારૂ લીટર–૦૪, કિંમત રૂ.૮૦૦/– નો ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો રાખી પકડાઇ જઇ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે.

2. **આરોપીનો જવાબ તથા નિવેદન :–**

2.1. હાલના કામે આરોપી સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે ચાર્જશીટ રજૂ થતા, આરોપી વિરુદ્ધ સમન્સ ઈશ્યુ કરતા, આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેમના વકીલ શ્રી મારફતે હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામૂલ્યે પૂરી પાડી આંક–૦૪ થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને જે તહોમતનામુ આરોપીને વાંચી સંભળાવેલ ત્યારબાદ આરોપીનું નિવેદન આંક–૦૫ થી નોંધેલ છે, જેમાં આરોપીએ તેમના વિરૂદ્ધના ગુનાઓનો ઇન્કાર કરેલ છે જેથી હાલનો કેસ પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલો.

3. ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

### –: <u>મૌખિક પુરાવો</u> :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ ફારૂકભાઈ રજાકભાઈ ડોસાણી ની જુબાની | ૦૭ |

### –: <u>દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૬ |

| | | |
|---|---|---|
| ૨. | પંચનામું | ૦૮ |

4. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપી સામે સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ વિશેષ નિવેદન નોંધેલ નથી. ત્યારબાદ કેસ દલીલો પર રાખવામાં આવેલ છે.

5. **દલીલો :–**

5.1. ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રીએ સાક્ષીની તથા દસ્તાવેજી પુરાવાની જુબાની ધ્યાને લઇ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

5.2. આરોપી પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રીએ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ હાલના આરોપી પાસેથી પ્રતિબંધિત મુદ્દામાલ મળી આવેલ હોવાનું સાબિત થતુ ન હોઈ આરોપીને છોડી મુકવા વિનંતી કરેલ છે.

6. **નિર્ણય માટે ના મુદ્દાઓ :–**

6.1. શું ફરિયાદ પક્ષની એ હકીકત સાબિત કરે છે કે, તારીખ:૨૫/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૧૫ વાગ્યે ધ્રોલ લતીપર રોડ, દેવીપુજકવાસ પાસે, જાહેર રોડ પર, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર મુકામે આરોપીએ પોતાના કબજામાં દેશી પીવાનો દારૂ લીટર–૦૪, કિંમત રૂ.૮૦૦/– નો ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો રાખી પકડાઇ જઇ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે?

6.2. શું હુકમ ?

7. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલત ના નિર્ણયો નીચે મુજબ છે.

7.1. નકારમાં.

7.2. આખરી હુકમ મુજબ.

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

૪. **-: <u>કારણો</u> :-**

ફરિયાદપક્ષ ના પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

૪.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

૪.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

૪.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૪ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

૪.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે

તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

9. આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે પંચ સાક્ષી ફારૂકભાઈ રજાકભાઈ ડોસાણીને આંક–૭ થી તપાસેલ છે, તેઓએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી કરાવેલી અને સહી કર્યા સિવાય તે પંચનામા અંગે બીજુ કંઇ જાણતા ન હોવાનુ જણાવતા હોઇ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

10. આમ, ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પંચ સાક્ષી એ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં હાલના કેસમાં કોઇ સ્વતંત્ર સાક્ષીઓના નિવેદન લેવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે તેમ છે. વધુમાં હાલના કેસમાં ફરીયાદને આરોપી તર્ફે આંક પાડવા સામે વાંધો ન હોઇ આંક આપવામાં આવેલ છે, પરંતુ ફરિયાદી કે જે પોલીસ સાક્ષી છે તેઓની જુબાની ફરીયાદપક્ષ દ્વારા લેવામાં આવેલ નથી, જેથી નામદાર બોમ્બે હાઇકોર્ટ દ્વારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજ્ય વિ. ઓમકાર માનીક પાટીલ ક્રીમીનલ લો રીપોર્ટર (એમ.એચ.) ૧૯૭૯ પાન નં. ૪૨૧ નો ચુકાદો ધ્યાને લેતા જો પંચ સાહેદો ફરી ગયેલ જાહેર થયેલ હોય ત્યારબાદ અન્ય પોલીસ સાહેદ તપાસવામાં આવે તો પણ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ નથી.

11. આથી, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીના કબ્જામાંથી કહેવાતો પ્રતિબંધિત મુદ્દામાલ મળી આવેલ હોવાનું તથા ઉકત પદાર્થ ગુજરાત નશાબંધી હેઠળ પ્રતિબંધિત પદાર્થ હોવાનું માની શકાય નહી. જેથી તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતનું માનવું છે.

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

12. ઉપરોકત કારણો ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઇ આવતો ન હોઇ મુદ્દા નં.૧ નકારમાં ઠેરવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચીત જણાય છે.

**-: આખરી હુકમ :-**

1. આ કામના આરોપી જીલુબેન વા/ઓફ નાનજીભાઈ વાઘેલા, રહે.દેવીપુજક વાસ,લતીપર રોડ, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર વાળાઓને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ છ માસ માટેના અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂા.૫૦૦૦/- ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવાં.
3. પ્રોહી મુદ્દામાલનો અપીલ કરવાનો સમય પુરો થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજ સને ૨૦૨૬ ના માર્ચ મહિનાની તારીખ ૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ -૧૬/૦૩/૨૦૨૬
સ્થળ - ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)
કોડ નંબર જીજે ૦૧૬૩૪
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ધ્રોલ.

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**